ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૦
અંક : ૬

## રાઈ પાકની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ

મયંક બોઘરા(એમએસસી એગ્રી), રવિ ગેવરીયા (એમએસસી એગ્રી), અંકિત એમ. રૈયાણી (એમએસસી એગ્રી)

ભારતમાં તેલીબિયા પાકો પૈકી રાઈ એ એક અગત્યનો પાક છે. મગફળી પછી તે બીજા નંબરનું સ્થાન ધરાવે છે. આપણા દેશમાં રાઈની ૪૫.૬૦ લાખ હેકટર વિસ્તારમાં વાવણી થાય છે. જેમાંથી ૫૪.૨૦ લાખ ટન ઉત્પાદન મળે છે. આ પાક શિયાળુ મોસમનાં અન્ય પાકોની સરખામણીમાં પ્રતિ હેકટરે ચોખ્ખી આવક વધુ આપે છે. તેમજ ઘઉં જેવા પાકોની સરખામણીમાં પિયત પણ ઓછા જોઈએ છે.

જમીનની તૈયારી અને પસંદગી : ચોમાસું પાક પછી રાઈનો પાક લઈ શકાય છે. આ પાક માટે યોગ્ય નીતારવાળી ફળદ્રુપ જમીનની પસંદગી કરવી.

જાતની પસંદગીમાં કાળજી : જાતની પસંદગી કરવામાં ખુબજ ચોક્કસાઈ રાખવી જરૂરી છે. વિવિધકૃષિ યુનિવર્સીટીઓ દ્વારા બહાર પાડવામાં આવતી જાતોને પ્રાધાન્ય આપવું આ ઉપરાંત વિશ્વાસુ ખાનગી કંપનીની બજારમાં મળતી જાતો પણ સારું ઉત્પાદન આપે છે. ખેડૂત મિત્રોએ પોતાના વિસ્તારને અનુકુળ આવે તેવી તથા તે વિસ્તારમાં સરળતાથી મળી રહે તેવી જાતોના પ્રમાણિત બીજ વાવવાનો આગ્રહ રાખવો. ગુજરાતમાં સામાન્યરીતે જીએમ – ૧, ૨, ૩ તથા જીડીએમ – ૪ વગેરે જાતો ખેડૂતોમાં પ્રચલિત છે.

બિયારણનો દર અને માવજત : સારી જાતના પ્રમાણિત બીજનું હેકટરે ૩ થી ૩.૫ કિગ્રા. પ્રમાણે દર રાખીને વાવેતર કરવું, તેમજ ફૂગ જન્ય રોગોથી રક્ષણ મેળવવા કિલો દીઠ ૩ ગ્રામ પ્રમાણે થાયરમ દવાનો પટ આપી વાવણી કરવી. બીજનો દર ઓછો હોવાથી એક સરખો ઉગાવો થાય તે હેતુથી બીજની સાથે રેતી મિકસ કરવી અથવા અન્ય ઘરગથ્થું રીત વાપરી વાવેતર કરવું જેથી કરીને એકમ વિસ્તારમાં બીજની સરખી વહેંચણી કરી શકાય અને એકસરખો ઉગાવો મેળવી શકાય.

વાવણીનો સમય :મધ્ય ગુજરાતમાં પાકની વાવણી ઓકટોબર મહિનાનાં પ્રથમ પખવાડીયામાં કરવા ભલામણ છે. વાવેતરનાં યોગ્ય સમય કરતાં વહેલી વાવણી કરવાથી

ગરમીને કારણે છોડ બળી જવાથી હેકટર દીઠ જરૂરી છોડની સંખ્યા જાળવી શકાતી નથી અને એવીજ રીતે જો સમયથી મોડી વાવણી કરવામાં આવે તો રોગ અને જીવાતનો ઉપદ્રવ વધે છે. અને પાકને વહેલો પાકી જવાની ફરજ પડે છે.

વાવણી અંતર :સંશોધન આધારે થયેલ ભલામણ મુજબ જમીનની પ્રત, પિયતની સગવડ અને સુધારેલ જાતને ઘ્યાને લઈ બે લાઈન વચ્ચે ૩૦/૪૫/૬૦ સે.મી. અંતર રાખી પારવણી કરવી જરૂરી છે.

ખાતર વ્યવસ્થાપન :રાઈનાં પાક માટે જમીન તૈયાર કરતી વખતે હેકટરે ૬ થી ૭ ટન જેટલું છાણીયું ખાતર આપવું જરૂરી છે. સંશોધનને આધારે પિયત પાક માટે ૫૦ કિ.ગ્રા. નાઈટ્રોજન અને ૫૦ કિ.ગ્રા. ફોસ્ફરસ પ્રતિ હેકટરે આપવાની ભલામણ છે. આ પૈકીનો અડધો નાઈટ્રોજન વાવણી સમયે પાયામાં આપવો તથા ફોસ્ફરસને વાવણી સમયે એક જ તબક્કામાં આપી દેવો. પાક જયારે ફૂલની દાંડી નીકળવાની અવસ્થાએ પહોંચે ત્યારે, એટલે કે વાવણી પછી અંદાજે ૩૫ થી ૪૦ દિવસે બાકી રહેલો નાઈટ્રોજન પૂર્તિ ખાતર તરીકે ૨૫ કિ.ગ્રા. હેકટરે આપવો.

પિયત :જયાં પાણીની સગવડ અત્યંત મર્યાદિત હોય ત્યાં પ્રથમ પિયત પાકની કટોકટીની અવસ્થાએ એટલે કે અંદાજે ૪૦ દિવસની આસપાસ, બીજું પિયત ફૂલ અવસ્થાએ (અંદાજે ૫૫ દિવસે) અને ત્રીજું પાણી શીંગોનાં વિકાસ અને દાણા ભરવાની અવસ્થાએ આપવાથી ઉત્પાદન જળવાઈ રહે છે.

જયારે મઘ્ય ગુજરાતની જમીનમાં રાઈનાં પાકને વાવણી પછી છ પિયત અનુક્રમે વાવેતર સમયે તેમજ ત્યારબાદ ૧૫, ૩૦, ૪૫, ૬૦, અને ૭૫ દિવસે આપવાની ભલામણ છે.

આંતરખેડ અને નિંદામણ :સામાન્ય રીતે બિન પિયત પાકને આંતર ખેડ કે નિંદામણની જરૂરિયાત રહેતી નથી. પરંતુ પિયત પાકમાં નિંદામણનાં ઉપદ્રવને ઘ્યાનમાં રાખીને વાવણીના ૧૫ અને ૩૦ દિવસે આંતરખેડ કરી નિંદામણને નિયંત્રણમાં લાવી શકાય છે.

જો કોઈ પણ પરિસ્થિતમાં મજૂરોની અછત ઉભી થાય તો ફલુકલોરાલીન ૦.૫ કિ. ગ્રા. સક્રીય તત્વ/ હેકટરે ૧૦ લીટરમાં ઓગળીને રાઈનાં સ્ફુરણ પહેલા જમીન ઉપર છાંટવાથી ખુબ સારા પ્રમાણમાં નિંદામણનું નિયંત્રણ કરી શકાય છે.

પાક ફેરબદલી : જમીનમાં પાકને જરૂરી પોષક તત્વો મળી રહેઅને જમીનજન્ય રોગોને નિવારવાની દ્રષ્ટ્રિએ પાકની ફેરબદલી કરવી ઘણી જરૂરી છે. વર્ષોનાં પ્રયોગોનાં અંતે જાણવા મળ્યું છે કે અડદ–રાઈ અને તલ–રાઈ પાકની ફેરબદલી ખેડૂતોને ફાયદાકારક છે.

પાક સંરક્ષણ :

જીવાત– મોલોમશી (એફીડ): આ જીવાત

**માણસ કેવા દેખાય એના કરતા કેવા છે એ મહત્વનુ છે.**

પાનની કુમળી ડાળીઓમાંથી, ફૂલ અને શીંગોમાંથી રસ ચૂસી છોડને નબળો બનાવે છે. વધુ પડતા જીવાતના ઉપદ્રવના કારણે વધુ રસ ચૂસતાં છોડની વૃદ્ધિ પર અસર થાય છે, પરિણામે ઉત્પાદન ઘટે છે. આ જીવાતનો ઉપદ્રવ ખુબજ વધારે રહેતો હોવાથી અગમચેતી પગલા લેવા પણ અનિવાર્ય બને છે. આ માટે થાયોમીથોકઝમ ૫ ગ્રામ પ્રતિ પંપ અથવા તો અન્ય કોઈ શોષક પ્રકારની જંતુનાશક દવા પૈકી એક દવા પસંદ કરી જરૂરીયાત મુજબ છંટકાવ કરવો.

રોગ– ભૂકી છારો :રાઈનાં પાકમાં આ રોગને લીધે આખા છોડ પર સફેદ ફૂગની છારી જેવું થઈ જાય છે. તેના નિયંત્રણ માટે આગોતરા પગલા રૂપે દ્રવ્ય ગંધક ૦.૨૫ ટકા ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. જેથી આ રોગ પર કાબુ કરી શકાય છે.

ગેરૂ : પાકમાં શરૂઆતના સમયમાં વાદળછાયું વાતાવરણ હોય અથવા વરસાદ પડે ત્યારે આ રોગ આવવાની શકયતાઓ વધી જાય છે. પાક જયારે દાણા ભરવાની અવસ્થામાં હોય ત્યારે પછી આ રોગ આવવાની શકયતા છે. જયારે રોગ આવવાની શરૂઆત થાય ત્યારે જ આગોતરા પગલા રૂપે ડાઈ–ઈથેન એમ–૪૫ (મેન્કોજેબ) ૦.૨ % એટલે કે ૨૫ ગ્રામ પાવડર ૧૦ લીટર પાણીમાં ઓગળી દવાનો છંટકાવ કરવો.

કાપણી અને ઉત્પાદન : આ પાકની મુખ્ય ડાળીઓ તથા શીંગો પીળી પડે તથા નીચેના પાન ખરી પડે ત્યારે કાપણીનો યોગ્ય સમય થયો કહેવાય. પાકની કાપણી ખાસ સવારના સમયમાં જ કરવી જેથી કરીને દાણા ખરવાનો પ્રશ્ન ઓછો રહે. કપાયેલા પાકને ખળામાં લાવી થોડા દિવસ જરૂર જણાય તો સુકાવવો અને ત્યારબાદ તેને બળદ કે ટ્રેકટર વડે કચડીને દાણા છુટા પાડી શકાય છે. આ રીતે ચોખ્ખા કરીને પછી વિવિધ ઉપયોગમાં લાવી શકાય કે વેચી શકાય છે.કપાસના પાકનું ઉત્પાદન વધારવાનાં ઉપાયો

ચોમાસાની શરૂઆત પહેલાં જ જમીનની ઊંડી ખેડ કરવી જોઈએ. જેથી ઊંડે સુધી હવાની અવર– જવર થઇ શકે. કપાસનાં પાકને મધ્યમ કાળી, ગોરાડુ અને સાધારણ રેતાળ જમીન વધુ અનુકુળ છે.ઊંડી ખેડ કરવાથી જમીનમાં રહેલ જીવાતોની ઈયળો નાશ પામે છે. સૂર્ય પ્રકાશની ગરમીથી કોશેટાઓ બળી જાય છે. તેમજ વરસાદના પાણી અને ભેજ સંગ્રહ ક્ષમતા વધે છે.

**પતિ : (નોકરી જતાં–જતાં પત્નીને) હું જાઉ છું.**
**પત્ની : સારુ.........વીજીએ**
**પતિ : વીજીએ એટલે?**
**પત્ની : વહેલા ઘરે આવજો......**

***કાચ કમજોર હોય છે પણ સાચુ દેખડવામાં ગભરાતો નથી.***

## વાર્ષિક મિલન

જુન ૩, ૨૦૧૮ ના રોજ શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનો ૩૮મો વાષિક મિલન સમારોહ યોજાયો. આ સમારોહમાં સંસ્થામાં કાર્યરત કાર્યકરો, ભુતપુર્વ કાર્યકરો, આ વિસ્તારમાં કાર્યરત સંસ્થાઓના પ્રતિનિધિઓ, શાળા વ્યવસ્થાપન સમિતીના સભ્યો, લર્નીંગ ગૃપના આગેવાન ખેડૂતો, ખેત ઉત્પાદક સંગઠનના પ્રતિનિધિઓ, શિક્ષણ અને ખેતીવાડી વિભાગોના અધિકારીશ્રીઓ, સભાસદો તથા સંસ્થાના શુભેચ્છક મિત્રો જોડાયા હતા.

પ્રાર્થના અને દિપ પ્રાગટયથી કાર્યક્રમની શરૂઆત થઈ. કુલદીપભાઈ તથા તિલકભાઈની ટીમ સાથે સંસ્થાના કાર્યકરોએ જોડાઈને સંસ્થામાં ચાલી રહેલા પાંચ કાયક્રમોમાં વર્ષ ૨૦૧૭–૧૮માં થયેલા કાર્યો લક્ષાંક સુધી પહોંચવામાં મળેલી સફળતા/નિષ્ફળતાઓની વિગતો નાટક દ્વારા રજુ કરી હતી.

થયેલ રજુઆતોને ઘ્યાનમાં લઈ સંસ્થાના ફીલ્ડ તથા ઓફીસના કાર્યને લઈ ઉપસ્થિત ખેડુત મિત્રો, સંસ્થા પરિવારના સભ્યો, એસએમસી/એલજીના સભ્યો સહિતના લોકોએ સંસ્થાની કામગીરી અંગે પ્રતિભાવો તથા ટીકા ટીપ્પણીઓ આવી તે પૈકી ઘણા ખેડુતોનું એવુ કહેવું હતું કે પેલા તેઓ જંતુનાશકોના બહોળા પ્રમાણ સાથે ખેતી કરતા હતા પણ સંસ્થાના કાર્યકરોના સંપર્કો પછી તેમાં ઘણા સુધારા થયા છે. તેઓ




**પૈસો નહિ બચાવો તો રૂપિયો ઉધાર લેવો પડશે.**

સજીવ ખેતી કરવામાં વધુ રસ દાખવી રહયા છે. ખેડુત મિત્રોના કહેવા પ્રમાણે આજે તેમને સારૂં વળતર પણ મળી રહે છે અને તેમની ખેતીની સમજમાં પણ વધારો થયો છે. સ્ત્રી પુરુષના ભેદભાવો, આરોગ્ય, ખેડુત સંગઠનો તથા બાળકોના શિક્ષણ પર ચાલતી કામગીરી બાબતે ઉપસ્થિત પ્રતિભાગીઓએ પોતાના વિચારો રજુ કયા હતા.

પેનલ ચર્ચામાં દેવચંદભાઈ સાવલીયા, બીપીનભાઈ જોશી, પુષ્પાબેન ગોહિલ, રીકલ ભાલાળા, હિરલ ગોસાઈ, દીપકભાઈ માલવીયા, દર્શનભાઈ વ્યાસ અને ભરત વાળાએ ઉપસ્થિત સહભાગિઓએ રજુ કરેલી વિગતો તથા નાટક દ્વારા થયેલ રજુઆતોને ધ્યાનમાં લઈ જરૂરી સમિક્ષા કરી હતી.

ઉપરોકત વિગતે રજુ થયેલ કાર્યઅહેવાલ, તેના પર ચર્ચા અને પેનલની સમિક્ષા બાદ જરુરી સુધારા કરી વર્ષ ૨૦૧૮–૧૯નું આયોજન સંસ્થાના ડાયરેકટરશ્રી ધીરુભાઈ વાગડીયાએ રજુ કર્યુ હતુ. તેમણે સ્ટાફ તથા સંસ્થા સંચાલન માટે આવેલા સૂચનો સ્વિકારી તેને અમલમાં લાવવા ખાત્રી આપી હતી.

નાટક ટીમ પેનલના સભ્યો સહિત ઉપસ્થિત તમામ સહભાગીઓએ સંસ્થાના ચાલી રહેલા કાર્યોમાં રસ દાખવી પોતાનો કિંમતી સમય ફાળવી સંસ્થાની ટીમને જે માર્ગદર્શન આપ્યુ તે બદલ સૌનો આભાર માની કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યુ હતુ.



**નજર બદલો દુનિયા બદલાય જશે.**

## જેન્ડર વિશેષ સંદર્ભ સાથે માનવ અધિકાર શિક્ષણ અને સમાવેશી શિક્ષણ

નેશનલ કોલીશન ફોર એજયુકેશન દ્વારા માનવ અધિકાર, શિક્ષણ અને જેન્ડર પર તારીખઃ ૮ થી ૧૦ જુન ૨૦૧૮ ના રોજ સર્વોદય સેન્ટર ફોર કેપેસીટી બીલ્ડીગ, મુંબઈ ખાતે એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો જેમાં આ કાર્યશાળામાં અલગ અલગ રાજયની સ્વૈચ્છિક સંસ્થાઓ તથા શિક્ષક યુનિયનના ૩૦ થી પણ વધારે પ્રતિનિધિઓ જોડાયા હતા. આ સેમિનાર માં વિષય નિષ્ણાંત તરીકે અંકિતા ધ્યાની અને મારીયા સલીમએ સેવાઓ આપી હતી.

શિક્ષણ અને સમાજ કણ્યાણ કેન્દ્રના પ્રતિનિધી તરીકે આ કાર્યક્રમમાં પ્રિયા કાછડીયા સહભાગી બની હતી.

આ કાર્યશાળા દરમ્યિાન કાર્યકરોને ૫ થી ૭ ના ગૃપમાં વહેંચીને વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરાયું જેમાં ૩૦ માનવ અધિકારો પર પ્રવૃતિ, ડ્રીમ સ્કુલ કેવી હોવી જોઈએ તથા તેનું પોસ્ટર પ્રેઝન્ટેશન, માનવ અધિકારને અનુરૂપ સ્થિતિ પર ચર્ચા કરી હતી.

સ્ત્રીઓ પર શોષણના મુદાઓ પર પાવર વોક, કેમ્પેઈન કેવી રીતે કરવું, શોષણના મુદાઓ પર ન્યાય અને જેન્ડર પર સમજ બનાવી હતી.

જેમાં વિકાસ, અસ્તિત્વ, સહભાગિતા અને રક્ષણ એ બધા માનવ અધિકારો એકબીજામાં બંધ બેસતા હતા.

બાળકોના અધિકારોની માહિતી આપવામાં આવી જેમાં શાળાનું વાતાવરણ, સુવિધાઓ, બધાને સમાન શિક્ષણ આપવું અને ઉચ્ચગુણવતા યુકત શિક્ષણ વગેરે જેવી બાબતો પર ચર્ચા કરવામાં આવી હતી અને બધાના અનુભવો જણાવ્યા હતા.

સમાનતા અને નિષ્પક્ષતાની સમજ બની. જેમાં સ્ત્રીઓએ સહન કરવા પડતા વિવિધ પ્રકારના શોષણ અને લાગુ પાડવામાં આવેલ અલગ અલગ બંધનોની બાબતમાં પુરૂષોની સરખામણી કરતા સ્ત્રીઓએ વધારે સહન કરવું પડતું હોય છે. આ બાબતે જાગૃતતા લાવી, રક્ષણ આપવું, આર્થીક સ્થિતિમાં સુધારો, સલામતી અને સુરક્ષા, જાતીય હિસા, મહિલા અને બાળકો સાથે થતા જાતીય દુર્વ્યવહાર, પીઓએસસીઓ, એનસીઆરબી, કોર્પોરલ એકટ ૨૦૦૯, સેકસયુલ એકટ ૨૦૧૨ અને એડવોકેસી જેવી આ કાર્ય માટે મહતવની બાબતો સરળતા પુર્વક સમજવામાં આવી.

ઉપરોકત જે બાબતો મારી સમજમાં આવી છે તે મારી જાણકારી મુજબ અધિકારો પર સંસ્થામાં થયેલ કાર્યોની વિગતો મેળવીને હું સંસ્થામાં ચાલી રહેલ પ્રોજેકટ ટીમ અને ઓફીસ ટીમ સાથે શેર કરીશ અને તેનો ફીલ્ડમાં કયાં ઉપયોગ થઈ શકે તેની જાણકારી મેળવી તે પ્રમાણે મારા કાર્યનું આયોજન કરીશ.

**– પ્રિયા કાછડિયા**

**પડકાર જેટલો મોટો, સફળતા તેટલી જ મોટી.**

## કપાસના પાકનું ઉત્પાદન વધારવાનાં ઉપાયો

સેન્દ્રિયખાતરો જમીનમાં ભેજ સગ્રંહ શકિત, હવાની અવર–જવર, જમીનની નિતાર શકિત, અને પોત સુધારે છે. જમીનમાં રહેલાં સુક્ષ્મજીવાણને વધારે છે. જમીનને જરૂરી એવા પોષક તત્વો પુરા પાડે છે. સેન્દ્રિય ખાતર હેકટર દીઠ ૧૦ ટન જમીનની પ્રાથમિક તૈયારી રૂપે આપવું જોઈએ.જમીનની ચકાસણી બાદ જો ફોસ્ફરસ અને પોટાશનું પ્રમાણ ઓછું જણાય તો જ જરૂરીયાત મુજબ રાસાયણિક ખાતર આપવું જોઈએ. ખાતર આપતી વખતે જમીનમાં પુરતાં પ્રમાણમાં ભેજ હોવો જરૂરી છે.જમીનમાં જે પોષક તત્વોની ઉણપ વરતાતી હોય તે ખૂટતાં તત્વોની પ્રમાણસર અને સમયસર જમીનમાં આપવાથી તેની છોડ ઉપર ફાયદાકારક અસર જણાતી હોય છે. આમ યોગ્યનિદાન કરી માત્ર ખૂટતાં તત્વને છંટકાવ કરવાથી સારું પરિણામ મેળવી શકાય છે. જમીનમાં લોહ, નાઇટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ, મેગ્નેશિયમ, સલ્ફર, મેગેનીઝ, કેલ્શિયમ, જસત, બોરોન, વગેરેપોષક તત્વો હોવા જરૂરી છે. જે છાણિયું ખાતર, કપાસની સાંઠીનું ખાતર, ખોળનું ખાતર, કમ્પોસ્ટ ખાતર, રાસાયણિક ખાતરોમાથી મળી રહે છે.
કપાસનાં પાક માટે સારી જાતનું રુવાટી વગરનું બીજ વાપરવું જોઈએ. કપાસનાપાકને ફુગજન્ય રોગોથી બચાવવાં માટે બીજને બે થી ત્રણગ્રામ એગ્રોસાન, કેસેરેસાન દવા પટ આપવો જોઈએ.બીટી કપાસની જાતોમાંથી આપણાં વિસ્તારને અનુકૂળ જમીનનું પોત અને પિયતની સગવડતાને ધ્યાને લઈ બીટી કપાસની જાત પસંદ કરવી જોઈએ. બીજની વાવણી ચાર થી છ સેન્ટિમીટર ઊંડાઈએ જમીનમાં ભેજ હોય ત્યાં કરવું જોઈએ. બીટી કપાસની જાતોને થાણીને સોંપીને વાવેતર કરવું જોઈએ. જેથી બે છોડ વચ્ચે અંતર જળ વાઇ રહે છે. બે ચાસ વચ્ચે ૧૨૦ સે.મી. અને ચાસમાં બે છોડ વચ્ચે ૪૫ સે.મી. જેટલું અંતર રાખવું જોઈએ. બિનપિયત વાવેતર માટે થોડું ઓછું અંતર રાખવું જોઈએ.સામાન્ય રીતે વાવણી લાયક વરસાદ થયા પછી જુનનાં બીજા સપ્તાહ થી વાવેતર કરવું જોઈએ. બીટી કપાસનાં વાવેતરની આજુબાજુ ત્રણ નોન–બીટી કપાસની હારનું વાવેતર કરવું ફરજીયાત છે. તેમજ બીટી કપાસની દસબાર હાર પછી એક હાર મકાઇ અથવા જુવારની વાવવી જોઈએ. જેથી ચુસિયા પ્રકારની જીવાતનાં પરજીવી મકાઈ અથવા જુવારનાં ફૂલ તરફ આકર્ષાઈને ખેતરમાં આવે છે. ચુસિયા પ્રકારની જીવાતને ખાઇ જઇ તેનું નિયંત્રણ કરે છે.

**–સંકલન: ભરત મહેતાં**

***પ્રાર્થના ઈશ્વરનો મોબાઈલ નંબર છે.***

**Happy Birthday**

| | |
|---|---|
| Harsh Patoliya | 07.07.1997 |
| KishanVala | 09.07.1994 |
| Paresh Chavda | 17.07.1994 |
| HardikVagadiya | 20.07.1985 |
| MitalKansodariya | 20.07.1998 |
| Paresh Solanki | 28.07.1990 |

**In this month**

| | |
|---|---|
| 1 | Staff meeting |
| 2 | Internal evolution |
| 3 | Annual meet |
| 4-18 | Mr. NirmalUnagar (B. Tech computer science and engineering in ICT of Ganpat University) join societal intership with SSKK. |
| 8-10 | Capacity building workshop of partners and teacher unions on Human Right Education and Inclusive education with specific reference to gender perspective.. |
| 5 | Various activities conduct on world environment day celibrate by all project team. |
| 6-7 | Govind Kumar (NIRDPR) on his cycle study. |
| 6-7 | Plan for campaign. Identify farmers for critical inputs also identification this inmputs. |
| 7-8 | Mr. Meet H Sharma and Mr. SnehkumarKamlani student of PGDRM, stay in SSKK for training under development intership segment from IRMA. |
| 11 | Meeting with DDM Nabard for FPO work progress. |
| 12-13 | State level workshop on health issues by JSA at Ahemedabad. |
| 14 | Drinking water study Krupa Dholakya. |
| 15-20 | Mr. Devendra Raghuvanshi (research scholar from Nabard) study on status of daisry farming in this area. |
| 18 | Board of directors meeting of Gir farms producer company ltd. |
| 19 | Board of directors meeting of Jafrabad agriculture producer company ltd. |
| 19-20 | Regional Capacity Building workshop for CottonConnect Local Partners BCI Program |
| 25 | Board of directors meeting of Avirat. |
| 26 | PIMC of FPO Dhari and Jafarabad. |
| 26-27 | Community Action for Nutrition Workshop, Ahmedabad (JSA and ANANDI). |
| 27-28 | Exposure visit at VNKC Manufacturing plant, fair trade & FPO meeting with CSPC. |

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2018-20**
**Valid Upto 31/12/2020**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**મજાક અને પૈસા વિચારીને ઉડાડવા જોઈએ.**